ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 ગોધરા કાર્યાલય : પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080

કેટલાક સભ્યોએ બળવો કરી અપક્ષમાંથી ફોર્મ ભર્યું હતું, કેટલાક અન્ય પક્ષમાં ગયા હતા

દાહોદ BJPમાં બળવો કરનાર 23 સભ્યોને પક્ષમાંથી બરતરફ કરી દેવામાં આવ્યા

બરતરફ સભ્યોની દાહોદ જિલ્લા પ્રમુખ દ્વારા યાદી બહાર પાડવામાં આવી

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની સુચના અને માર્ગદર્શનથી હાલની સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીમાં દાહોદ જિલ્લાની પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પક્ષમાંથી વિરૂધ્ધ જઈ પક્ષના ઉમેદવારની સામે અપક્ષ તથા અન્ય પક્ષમાંથી ઉમેદવારી નોંધાવતાં શિસ્ત ભંગના પગલારૂપે ભાજપા પક્ષમાંથી ૨૩ જેટલા સભ્યોને પક્ષમાંથી બરતરફ કરવાના દાહોદ જિલ્લા ભાજપનાના પ્રમુખ દ્વારા યાદી બહાર પાડવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. જેમાં દાહોદ ૧નગરપાલિકા વોર્ડ નંબર ૧માંથી યાદવ કેશરબેન સંજીવકુમારને ટીકીટ ન મળતાં અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે.

દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૩ના પુર્વ કાઉન્સીલર કાઈદભાઈ મોઈજભાઈ ચુનાવાલાએ પક્ષ પલ્ટો કરી કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નંબર ૪માંથી પુર્વ કાઉન્સીલર અરવિંદકુમાર હરખચંદ ચૌપડાને પણ ટીકીટ ન મળતાં અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નંબર પાંચના લઘુમતિ મોરચા જિલ્લા મહામંત્રી યુસુફભાઈ અબ્બાસભાઈ રાણાપુરવાલા કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે.

નગરપાલિકાના પુર્વ કાઉન્સીલર પુષ્પાબેન જીતેન્દ્રકુમાર ક્ષત્રિય, વોર્ડ નંબર ૬ના સ્વપનીલભાઈ વિરલકુમાર દેસાઈ જેઓ પુર્વ મહામંત્રી દાહોદ શહેરના રહી ચુક્યાં હતા જેઓને પણ ભાજપા પાર્ટીમાંથી ટીકીટ ન મળતાં તેઓએ પણ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. આજ રીતે નગરપાલિકાના વોર્ડ નંબર ૭માંથી સતીષભાઈ હસમુખલાલ પરમાર (શહેર ઉપપ્રમુખ), લીલાબેન કાળુભાઈ વાખળા (પુર્વ શહેર મંત્રી), નીલેશભાઈ રાજેન્દ્રકુમાર પારેખ (શહેર યુવા મોરચા ઉપપ્રમુખ), વિદ્યાબેન ગીરીશકુમાર મોઢિયા (દાહોદ શહેર જી. મહિલા મોરચાના ઉપપ્રમુખ), રાજુભાઈ લાલાભાઈ પરમાર (પુર્વ કાઉન્સીલ), તાલુકા પંચાયતના જવેસીના ગીતાબેન નરેન્દ્રકુમાર ડામોર (પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ, ફતેપુરા), જિલ્લા પંચાયત ઘુઘસના બાબુભાઈ નવલભાઈ પારગી, (પુર્વ એ.પી. એમ.સી.ચેરમેન) જેઓએ બીટીપીમાં જોડાયા છે. તાલુકા પંચાયત કંથાગરના બાબુભાઈ તેરસીંગભાઈ મછાર (મંડલ કા.સભ્ય) જેઓ અપક્ષમાં ઉમેદવારી નોંધાવી છે. જિલ્લા પંચાયત નિંદકાપુર્વના વનિતાબેન રયજીભાઈ ચંદાણા (પુર્વ ચેરમેન સામાજીક ન્યાય સમિતિ), તાલુકા પંચાયત સંજેલી - ૧ના કનુભાઈ પ્રતાપભાઈ હરીજન (મંડળ ઉપપ્રમુખ, સંજેલી), તાલુકા પંચાયત સુથારવાસાના રમેશભાઈ ગોમજીભાઈ નીનામા (સક્રિય કાર્યકર્તા) જેઓએ કોંગ્રેસમાં જોડાયા છે. તાલુકા પંચાયત ગામડીના સુરેશભાઈ પુંજાભાઈ ભુરીયા (સક્રિય કાર્યકર્તા) જેઓએ અપક્ષમાં ઉભા રહ્યાં છે.જીલ્લા પંચાયત ખંગેલાના મેંદાલભાઈ તેરસીંઘભાઈ વડકીયા (સક્રિય કાર્યકર્તા) જેઓ પણ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે અને જિલ્લા પંચાયત નવાનગરના કનુભાઈ સવલાભાઈ ભાભોર (સક્રિય કાર્યકર્તા, પુર્વ જિલ્લા પંચાયતના સભ્ય) આ ૨૩ સભ્યોને ભારતીય જનતા પાર્ટીમાંથી બરતરફ કરવાનો હુકમ દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ અમલીયાર દ્વારા કરવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ આવશે

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૨

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના અનુસંધાને કાર્યકરોમાં નવો જોમ ફુંકવા માટે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.

23મી તારીખ મંગળવારના રોજ સી.આર પાટીલ બપોરના 12.45 વાગ્યે સી.આર પાટીલ દાહોદના ઉસરવાણ હેલીકોપ્ટર દ્વારા દાહોદ આવશે.આ વખતે શહેરની આઈટીઆઈ આગળથી એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. આઈટીઆઈથી સ્ટશન રોડ, ગોવિંદ નગર, પડાવ થઈ આ રેલી મહિન્દ્રા શોરૂમ ઉપર પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ બપોરના બે વાગ્યા સી.આર પાટીલ મહેન્દ્રા શો રૂમની સામે આવેલા મેદાનમાં સભાને સંબોધશે. સી.આર પાટીલ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ દાહોદ શહેરમાં પ્રથમ વખત આવી રહ્યા છે. ઉલ્લેખનિય છે કે દાહોદ જિલ્લામાં મદારોમાં જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ યોજાયો છે.

પીઠના ભાગે ગોળી વાગતા ઇજા ગ્રસ્તને હોસ્પિટલ લઇ જવામાં આવ્યો

ગુલબાર ગામે અનાજના વેપારી પર બે શખ્સો દ્વારા ફાયરિંગ કરાયું

ગરબાડા તાલુકાના ગુલબાર ગામે નીમચ ઘાટી પાસે બનેલો બનાવ

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૨

ગરબાડા તાલુકાના ગુલબાર ગામે નીમચ ઘાટી તરફ તા.૨૨ ના રોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર ગામના એક અનાજના વેપારી તથા તેમની સાથે પોતાનો માણસ એમ બંને જણા એક મોટરસાયકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક મોટરસાયકલ પર આવેલ બે અજાણ્યા ઈસમોએ આ વેપારી પર બે રાઉન્ડ ગોળીબાર કરતા વેપારીને પીઠના ભાગે ગોળી વાગતાં ગંભીર ઈજાગ્રસ્ત વેપારીને ગરબાડા પોલીસ દ્વારા દાહોદના એક ખાનગી દવાખાનામાં સારવાર અર્થે લાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે આ ગોળીબાર કયા કારણોસર કરવામાં આવ્યું તે નું સાચું કારણ હાલ જાણી શકાયું નથી પરંતુ પોલીસે આ દિશામાં તપાસનો ધમધમાટ આરંભ કરી દીધો છે ત્યારે બીજી તરફ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે

મધ્ય પ્રદેશ ના ઝાબુઆ જિલ્લા ના રાણાપૂર ગામે રહેતો અનાજ ના વેપારી માણેકલાલ ઉકરજી રાઠોડ અને પોતાનો માણસ કિલુભાઈ બારીયા આ બંને જણા આજરોજ વહેલી સવારે મધ્ય પ્રદેશ અને ગુજરાતની બોર્ડર એવી દાહોદ જિલ્લાના ગરબાડા નિમચ ઘાટી પરથી મોટર સાયકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યા હતા. વેપારી માણેકલાલ રાઠોડ મોટર સાયકલ ની પાછળ બેઠેલા હતા અને કિલુભાઈ બારીયા મોટરસાયકલ ચલાવી રહ્યા હતા. આ બંને રાણાપુર થી નીમચ્ જઈ રહ્યા હતા આ સમયે ગરબાડામાં ગુલબાંર ગામે એક મોટર સાઈકલ પર સવાર થઈ બે વ્યક્તિઓ જેમાં એક વ્યક્તિ એ હેલ્મેટ પેહરેલું હતું અને બીજા એ મોઢા પર રૂમાલ બાંધ્યો હતો જોકે આ બે અજાણયા ઈસમો માથી એક ઈસમે પોતાની પાસે રાખેલું બંદૂક વેપારી માણેકલાલ સામે તાકી પેહલા પાછળથી એક રાઉન્ડ ગોળીબાર કર્યો અને ત્યારબાદ મોટર સાયકલ આગળ લાવી સામેથી ગોળીબાર કર્યો હતો જેમાં પાછળ બેઠેલા વેપારીને પાછળના પીઠના ભાગે ગોળી વાગતાં જ સ્થળ પર લોહી લુહાણ હાલતમાં પડી ગયા હતા

ચાલુ મોટર સાયકલ પરથી મોટર સાયકલ ચાલક અને વેપારી ને રોડ પર પડતા મોટરસાઇકલ ચાલક કિલુભાઈને થોડીવાર કઈ સમજ પડી ન હતી તેઓ ઈજાગ્રસ્ત હતા હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.

આમંત્રિત મહેમાનોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું

ગોધરાના પોલીટેકનિક કેમ્પસમાં PHD પૂર્ણાહૂતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.૨૨

ગોધરાના પોલીટેકનીક કેમ્પસ ખાતે યોજાયેલ પી.એચ.ડીના પૂર્ણહુતિ કાર્યક્રમના વક્તા ડો.અજય સોનીએ ભાષાના વિદ્યાર્થીઓને કારકિર્દી માટે "મોટીવેશનલ""સ્પીચ"આપતા જણાવ્યુંહતુ કે "શિક્ષણ સર્જે કંકર માંથી શંકર"શિક્ષણ અને સાહિત્ય-સંવાદ સીખવાડે ,સમન્યય સીખવાડે, સહકાર સીખાવાડે, સંકલન સીખવાડે. સાહિત્યની પુજા એ ઈશ્વરની પુજા જ ગણાય - તે રીતે સાહિત્યના વિકાસ માટે સખત મહેનતની હાકલ કરી હતી તથા આગામી સમયમાં આવનારીNET/SETની પરીક્ષા માટે તનતોડ મહેનત કરી ઉજ્જવળ કરકિર્દિનો રસ્તો કંડારશે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ પી.એચ.ડી સ્કોલરને VCપ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે તથા ઈન્ચા. રજિસ્ટાર ડો.અનિલ સોંલકીએ કારકીર્દિમાં ઉત્તરોઉત્તર પ્રગતિ થાય તેવા સુભાશિષ આપ્યા હતા.

ચાર થી છ વ્યકિતઓને નાની મોટી ઇજા થઇ હોવાની ફરિયાદ કરાઇ

નાની ભાદરોલીમાં ગામે લગ્નના વરઘોડા બાબતે બે જૂથો વચ્ચે ધિંગાણું

વરઘોડાએ રસ્તો રોકવા બાબતે બોલાચાલી થઇ હતી

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૨

કાલોલ તાલુકાના નાની ભાદરોલી ગામે રહેતા જયેન્દ્ર ભાઈ પરમાર ના લગ્ન પ્રસંગે સાંજના સમયે શનિવારના રોજ ડીજે સાથે વરઘોડો નીકળ્યો જે ઘરેથી થોડા દૂર જતા ધર્મ ચંદ્રસિંહ પરમાર નામનો ઈસમ કે જે દૂધ મંડળીના સેક્રેટરી છે અને ડેરીનું દૂધ લેવા સવાર-સાંજ ટેમ્પો મારફતે આવજા કરે છે તે વરઘોડા ની પાછળ પોતાનું ફોરવીલ લઈને આવેલ અને સાઈડ આપવા માટે જણાવેલ જેથી વરઘોડામાં સામેલ લોકોએ રસ્તો સાંકડો છે થોડી વાર ઉભા રહો તેમ કહેતા તે ઉભો રહેલો ત્યારબાદ વરઘોડાની આગળ ચાલતા ચાલતા ડીજે આગળ આવીને વરઘોડો રોકીને ધર્મ પરમારે કહેલું કે તમો મારી ગાડી આગળ નીકળવા દિધી નથી તેમ કહીને ગંદી ગાળો બોલી વરઘોડો પાછો લઈને આવો તમને જોઈ લઈશું તેવી ધમકી આપેલી અને વરઘોડો પાછો જતા રસ્તામાં ઈકો ગાડી માં બેસી પર વરઘોડાની આગળ ગાડી ઉભી કરી દઈ ગાડીમાંથી ત્રણથી ચાર માણસો બેસેલા જેઓના હાથમાં લાકડાનો દંડો, લોખંડ ની વાસી તથા ધર્મ સિંહના હાથમાં ચપ્પુ હતુ ધર્મ પરમારે ગાડી ને રસ્તો નહીં આપવા બાબતે ઝગડો કરી હાથમાંનું ચપ્પુ ગીરવત પરમારને પીઠ ની પાછળ તથા વિક્રમ ને પીઠ પર મારી દીધું હતું સંદીપ છોડાવવા પડતા તેને પણ ચંદ્રસિંહે બરડાના ભાગે લાકડી મારેલ અને દલપતસિંહે વાંસી મારતા માથા અને પગના સાથળ પર ઈજાઓ પહોંચી હતી આ ઉપરાંત અન્ય કેટલાક ઈસમો છોડાવવા પડતા તેઓને પણ માર મારેલો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવેલ જે અંગે દશ ઈસમો સામે નામજોગ તથા બીજા ત્રણ થી ચાર અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે સામા પક્ષે પણ ફરિયાદ કરાઈ હતી.

હાલોલની અમિતાબેન રાઠવા તિરંદાજીમાં રાજ્ય કક્ષાએ વિજેતા

(પ્રતિનિધી) હાલોલ, તા.૨૨

એમ. વી. આર્ટ્સ કોમર્સ કોલેજ, હાલોલની ખેલાડીની અમિતાબેન રાઠવાએ રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે અને આ ખેલાડીની ઉત્તરાખંડ ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેશે. સમગ્ર કોલેજ પરીવાર અભિનંદન પાઠવે છે.

ઈલેક્ટ્રીક લાઈટના થાંભલા ઉપર ચડતાં કરંટ લાગ્યો

ફતેપુરાના અસ્થિર મગજના આધેડને કરંટ લાગતા મોત

(પ્રતિનિધી) સુખસર, તા.૨૨

ફતેપુરા તાલુકાના આફવા ગામે રહેતા અસ્થિર મગજના ૬૫ વર્ષીય આધેડ અસ્થિર મગજના કારણે થ્રી ફેજ વીજ લાઈન ઉપર ચડી જતા વીજ કરંટ લાગવાથી જોશભેર જમીન ઉપર પટકાયેલા આધેડને ઈજાઓ થતા તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમિયાન વીજ કરંટ લાગી પટકાતા થયેલ ઈજાઓના કારણે આધેડનું મોત નિપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના આફવા ગામના આફવા મુવાડી ફળિયા ખાતે રહેતા મનાભાઈ કચનાભાઈ વળવાઈ ઉંમર વર્ષ ૬૫ ખેતીવાડી દ્વારા ગુજરાન ચલાવતા હતા.જેઓ છેલ્લા દસેક વર્ષથી મગજની અસ્થિરતાથી પીડાતા હતા.અને જેઓ અવાર-નવાર ઘરેથી ક્યાંક નીકળી જતા હતા.અને પરત ઘરે આવતા હતા. તેવી જ રીતે આજરોજ સવારના ઘરેથી નીકળી ગયેલ.ત્યારબાદ બચકરીયા ગામે રહેતી તેમની પૌત્રી રેશમબેન રસિકભાઈ ડામોરના ઘર બાજુ ગયેલા જ્યાં માનાભાઈ વળવાઈ ઈલેક્ટ્રીક થ્રી ફેઝ જીવંત વીજલાઈનના થાંભલા ઉપર મગજની અસ્થિરતાના કારણે ચડી જતાં ડાબા હાથે કરંટ લાગતા થાંભલા ઉપરથી નીચે પટકાયા હતા. અને તેમનું મોત થયું હતું. તેમના મૃત દેહને હોસ્પિટલ પહોંચાડાયો હતો.

ભાજપ કોંગ્રેસ અને અપક્ષોએ વિજયના દાવા સાથે પ્રચાર કર્યો

શહેરામાં ન.પા. અને તા.પં. ચૂંટણીમાં ત્રિપાખિયો જંગ થશે

તાલુકા પંચાયતની 19 બેઠકો પર ચૂંટણી થશે

(પ્રતિનિધી) શહેરા, તા.૨૨

જોકે તાલુકા પંચાયતની ચાર બેઠકો પર ભાજપ-કોંગ્રેસની સાથે અપક્ષના ઉમેદવારો પણ મેદાનમાં હોવાથી ચાર બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામશે, જ્યારે નગરપાલિકાની ચુંટણીમાં ભાજપ અને અપક્ષ વચ્ચે રસાકસીનો જંગ જામશે.

હાલ સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તમામ પક્ષો પોતાના ઉમેદવારોને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવીને પ્રચાર પ્રસાર લાગી ગયા છે, તે જ પ્રકારે પંચમહાલ જિલ્લાના શહેરામાં સમાવેશ થતી જિલ્લા પંચાયતની ૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૯ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો મેદાનમાં છે,જ્યારે તાલુકા પંચાયતની ૧૯ બેઠકો પૈકીની ચાર બેઠકો પર અપક્ષના ઉમેદવારો પણ મેદાનમાં ઉતર્યા છે, તો નગરપાલિકાની ચૂંટણીમાં માત્ર ભાજપ અને અપક્ષના ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે.

ત્યારે આ તમામ સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો અને સમર્થકો દ્વારા પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે પુરજોશમાં પ્રચાર પ્રસાર શરૂ કરી દેવાયો છે અને ગામેગામ મીટીંગો તેમજ ઘરે-ઘરે જઈ મતદારોને મનાવીને પોતાના ઉમેદવારોને વિજય અપાવવા માટે મતદારોને પ્રલોભનો આપતા હોય તેવું જણાય છે,અને છેલ્લા દિવસે મતદારોને પોતાની તરફ આકર્ષિત કરવા માટે જે તે ઉમેદવાર તેમજ તેમના સમર્થકો દ્વારા મતદારોને દારૂ અને પૈસાના પ્રલોભનો આપીને મતદારોને ખરીદવાના પ્રત્યનો પણ ચાલશે તેવું પણ જણાય છે.

તો મતદારો પાસેથી મત મેળવ્યા બાદ મતદારોના કામો કરવાનું ભૂલીને પોતાનો વિકાસ કરવામાં લાગી જશે અને પછી પાંચ વર્ષ બાદ ફરી ચૂંટણી આવશે ત્યારે પણ આ જ પ્રકારે મતદારો પાસે આવીને પ્રલોભનો આપીને વોટ મેળવી લેશે તેવું જણાય છે. હવે જોવું રહ્યું કે મતદારો કયા પક્ષના અને કેવા ઉમેદવારોને વિજય બનાવે છે તે તો ચૂંટણી પરિણામ બાદ જ ખ્યાલ આવશે.

મહિલા બસમાં બેસતી હતી ત્યારે ગઠિયો રૂપિયા ઉઠાવી ગયો

દેવગઢ બારીઆમાં મહિલાની બેગમાંથી રૂ.2.40 હજારની ચોરી

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૨

દેવગઢ બારીઆ નગરમાં એક મહિલા દ્વારા રૂા.૨,૪૦,૦૦૦ની રોકડ રકમ બેન્કમાંથી ઉપાડી બસ સ્ટેશનમાં ગયા બાદ બસમાં બેસતાં તે સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ દ્વારા આ રોકડા રૂપીયા ભરેલ બેગમાંથી આ રોકડા રૂપીયાની ચોરી કરી લઈ નાસી જતાં પંથક સહિત બસ સ્ટેશન વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાં બામરોલી રોડ ખાતે દિવ નગર સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય કૈલાશબેન જેન્તીભાઈ પટેલ ગત તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ દેવગઢ બારીઆ નગરમાં આવેલ એસ.બી. આઈ.બેન્કમાં ગયા હતા. બેન્કમાંથી કૈલાશબેને રૂા.૨,૪૦,૦૦૦નો ઉપાડ કર્યો હતો અને આ રોકડા રૂપીયા કાળા કલરની બેગમાં ભરી ભરી દેવગઢ બારીઆ બસ સ્ટેશને આવ્યાં હતાં જ્યા બસમાં બેઠા હતા.

અને કૈલાશબેનની નજર ચુકવી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ આ બેગની ચેઈન ખોલી રોકડા રૂા.૨,૪૦,૦૦૦ ચોરી કરી લઈ નાસી જતાં કૈલાશબેન એકક્ષણે સ્તબ્ધ બની ગયા હતાં અને બુમાબુમ કરી મુકતા આસપાસના લોકો પણ દોડી આવ્યાં હતાં પરંતુ ચોર ઈસમ નજરે ન પડતાં આખરે કૈલાશબેન નજીકના પોલીસ સ્ટેશને જઈ કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે નજીકના સીસીટીવી કેમેરા સહિતના ઉપકરણોની મદદથી ચોર ઈસમને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યાં છે.

સ્વચ્છતા અભિયાન, કાલોલ નગર પાલિકા દ્વારા મહિલાઓનું સન્માન

કાલોલ નગર પાલીકા દ્વારા વાર્ડ ૧ માં હાઉસિંગ સોસાયટી ના રહીશો ને ઘર વપરાસ ના કચરા ની segrigation વિશે માહિતી આપી સ્વચ્છતા વિશે સવાલો ની સ્પર્ધા કરી ઉત્સાહ પુર્વક જોડાયેલ મહિલાઓને પુષ્પદ્વારા સન્માનિત કર્યા આ કાર્યક્રમ મા પાલીકા પ્રમુખ શૈફાલી ઉપાધ્યાય હાજર રહ્યા હતા. લીલો કચરો અને સુકો કચરો અલગ અલગ બાલટી માં મૂકી યોગ્ય નીકાલ કરવા અંગે માહીતી આપી હતી. (તસવીર- **વિરેન્દ્ર મહેતા**)

તંત્રની મીઠી નજર હેઠળ રેતી ખનન ચાલતું હોવાનો આક્ષેપ થતો હોવા છતાં કોઇ પગલા લેવામાં આવતા નથી

શહેરા તાલુકામાં બે રોકટોક રેતી ખનન ચાલી રહ્યું છે

ટ્રેક્ટર સહિતના વાહનોમાં બેરોકટોક રોયલ્ટી પાસ વગર ખનિજ વહન ચાલે છે

(પ્રતિનિધી) શહેરા, તા.૨૨

શહેરા તાલુકાનુ છેવાડાનુ ગામ ઉડાંરા પાસે પસાર થતી પાનમ નદીમાં ખાન ખનીજ વિભાગના મંજૂરી વગર મોટા પાયે રેતી ખનન થઈ રહયુ છે. ટ્રેક્ટર સહિતના વાહનોમાં બેરોકટોક રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતુ હોવા છતાં ખાણખનીજ વિભાગ એ અહી કોઈજ કાર્યવાહી નહી કરતાં સરકારી તિજોરીને નુકશાન જઈ રહયુ છે. પાનમ નદી મા આવેલ લીઝ ની માપણી કરવામાં આવે તેવી લોક માંગ પણ ઉઠી હતી.

શહેરાના ઊડાંરા ગામ પાસે પસાર થતી પાનમ નદીમાં ખનીજ વિભાગના નિયમોનું પાલન ના કરીને રેતી કાઢી ને ટ્રેકટર સહિતના વાહનોમાં હેરાફેરી થઈ રહી છે.પાછલા કેટલાક મહિનાઓથી આ પાનમ નદીમાં રેતી ખનન થઈ રહયુ હોવા છતા ખાન ખનીજ વિભાગ સહિતના જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ પ્રકારની અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. નદીમાંથી મોટા પ્રમાણ માં દિવસ દરમિયાન રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના વાહનોમાં હેરાફેરી થતી હોવાથી ગામના રસ્તાઓ ને પણ નુકશાન પહોંચવા સાથે રસ્તાઓ ઉબડ ખાબડ બનતા નાના-મોટા વાહન ચાલકો ને અહીથી પસાર થતી વખતે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. અહી મોટા માથાઓ દ્વારા ખનીજ ચોરી થતી હોવાથી ખનીજ વિભાગ પણ આ બાબતે કાર્યવાહી કરવામાં ખચકાઈ રહયુ છે. આ નદીમા આવેલ રેતીની લીઝ પાછલા કેટલાક દિવસોથી બંધ છે. લીઝના માલિક દ્વારા રેતી કાઢવવા માટે આડેધડ ખોદકામ કરતાં નદી મા મોટા ખાડાઓ પડી ગયા હતા.સાથે લીઝની માપણી કરવામા આવે તે હાલની પરિસ્થિતિ ને જોતા અત્યંત જરૂરી હોવા સાથે અહીના લોકો પણ ઈચ્છી રહયા છે. પાનમ નદીની સુંદરતા પહેલા જે જોવા મળી રહી હતી.તે હવે જોવા નહી મળતા પ્રકૃતિ પ્રેમીઓ મા સબંધિત તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે.તાલુકાના નાડા સહિતના ગામોમાં રેતીની લીઝો ખાન ખનીજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી નથી. ત્યારે પાનમ નદીમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓચિંતી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ખનીજ ચોરી સાથે સરકારી તિજોરીને મોટું નુકસાન થતું અટકી શકે તેમ છે. ખાણ ખનીજ વિભાગ સરકારી તિજોરીને નુકશાન કરનાર ખનીજ માફીયાઓ સામે પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે તેતો જોવુજ બની રહયુ છે.

પાનમ નદીમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓચિંતી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ખનીજ ચોરી સાથે સરકારી તિજોરીને મોટું નુકસાન થતું અટકી શકે

પાલિકા પ્રમુખને પક્ષાંતર ધારા હેઠળ સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા છતા તેમને ચાર્જ અપાયો

દેવગઢ બારીયા નગર પાલિકા ચીફ ઓફિસર દ્વારા કોર્ટ હુકમનો અનાદર

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૨

દેવગઢબારિયા પાલિકા પ્રમુખને પક્ષાંતર ધારા હેઠળ સભ્ય પદેથી સસ્પેન્ડ કરતા હાઈકોર્ટ સ્ટે આપવા છતાં ચીફ ઓફિસરે આજદિન સુધી પ્રમુખને ચાર્જ ના આપતા આખરે આ બાબતે સ્પેશિયલ અરજી કરતા કોર્ટ ચીફ ઓફિસરને કોર્ટમાં હાજર રહેવા આદેશ કરતાં નગરમાં ચર્ચાનો વિષય.

દેવગઢબારિયા નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન નાથાણી સામે પક્ષાંતરધારા હેઠળ માજી પ્રમુખ મદીના બેન ભીખા દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માં અરજી કરતાં જે અરજીના અનુસંધાને કોંગ્રેસ પક્ષમાંથી જીતી અને કોંગ્રેસના સભ્યોની દર ખાસ અને ભાજપના ટેકાથી પ્રમુખ બનેલા દક્ષાબેન નાથાણી ને પક્ષાંતર ધારો લાગતાં તેમને નામોદીષ્ટ અધિકારીએ પક્ષાંતર ધારા અધિનિયમ ૧૯૮૬ ના અન્વયે ગેરકાય ઠેરવવા નો હુકમ કર્યો હતો જેને લઈને આ હુકમના કારણે દક્ષાબેન નાથાણી ને સભ્ય પદે થી સસ્પેન્ડ કરવામાં આવતા તેઓ પાસેનો પ્રમુખ નો હોદ્દો પણ ગયો હતો અને પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખે સંભાળ્યો હતો ત્યારે દક્ષાબેન નાથાણી ખરેખર પ્રમુખ ચૂંટણી લડીને અને તે પણ બંને ઉમેદવારો વચ્ચે પ્રમુખ ની ચૂંટણી ટાઈ થતા ચિઠ્ઠી ઉછાળવાથી પ્રમુખ બન્યા હતા જેથી દક્ષાબેન નાથાણી દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના નામોદીષ્ટ અધિકારી ના હૂકમ ને લઈ હાઈ કોર્ટના દરવાજા ખખડાવતા કોર્ટ દ્વારા તારીખ ૨૭/૦૧/૨૦૨૧ નાં રોજ દક્ષાબેન નાથાણી તરફે હાઈકોર્ટે સ્ટે આપતા તેઓનો સભ્યપદ યથાવત રહેતા જે સ્ટે નેલઈ દક્ષાબેન નાથાણી દેવગઢ બારીયા નગરપાલિકા માં હાજર થવા જતા તેમને હાજર કરાયા ન હતા.